જૂન 28, 2023

# લવ ઈઝ ઈન ધ એર! બ્રેમ્પટન ફાર્મર્સ માર્કેટમાં પરણો!

સીટી ઑફ બ્રેમ્પટન આ ઉનાળામાં નાગરિક લગ્ન સમારોહો (સિવિલ મેરેજ સેરેમનીસ)નું આયોજન માત્ર ત્રણ શનિવારોએ કરવાનું છે! લોકપ્રિય માંગને વધાવતા, ફાર્મર્સ માર્કેટ દરમિયાન, ડાઉનટાઉન બ્રેમ્પટનમાં સુંદર ગેજ પાર્ક ગઝેબોમાં સોગંદની આપલે કરીને $350 (વત્તા HST) માં સીટી મેરેજ ઓફિસિયલ સમક્ષ પરણો.

સીમિત જગ્યાઓ ઉપલબ્ધ છે:

- શનિવાર, જુલાઈ 15 માટે જગ્યા આરક્ષિત કરાવવા, બુકિંગ જુલાઈ 7 સુધીમાં રૂબરૂમાં કરાવો.
- શનિવાર, ઓગસ્ટ 26 માટે જગ્યા આરક્ષિત કરાવવા, બુકિંગ ઓગસ્ટ 18 સુધીમાં રૂબરૂમાં કરાવો.
- શનિવાર, સપ્ટેમ્બર 16 માટે જગ્યા આરક્ષિત કરાવવા, બુકિંગ સપ્ટેમ્બર 8 સુધીમાં રૂબરૂમાં કરાવો.

બુકિંગના સમયે બુકિંગ રકમ પૂરેપૂરી ભરવી રહી. બુકિંગના સમયે એક માન્ય લગ્ન પરવાનો (મેરેજ લાઈસન્સ) ($ 165) રજૂ કરવો રહ્યો કે ખરીદવો રહ્યો. મેરેજ લાઈસન્સ રૂબરૂમાં સીટી હૉલમાંથી (સોમવારથી શુક્રવાર, સવારે 8:30 થી બપોરે 4:00 વાગ્યા સુધીમાં) મેળવી શકાય.

**મેરેજ લાઈસન્સીસ (લગ્ન પરવાનાઓ)**

શું તમારા લગ્નનું આયોજન કરી રહ્યાં છો? ઓન્ટેરિયોમાં પરણતા પહેલાં, તમારે મેરેજ લાઈસન્સ મેળવવું રહ્યું. સીટી ઑફ બ્રેમ્પટન પાસેથી મેરેજ લાઈસન્સ મેળવવા માટેની જરૂરિયાતો અને સમયરેખાઓ વિશે વધુ માહિતી મેળવો.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca